## ઈન્કવાયરી(ક્રીમીનલ) નં.૨૧૮/૨૦૨૫

## આંક – ૧ નીચે હુકમ

(૧) હાલની ફરીયાદ ખાનગી ફરીયાદ તરીકે જાહેર સેવકના દરજ્જે સરકાર વતી દાખલ કરવામાં આવેલ છે. જે ફરીયાદ દાખલ થતાં ઈન્કવાયરી રજીસ્ટરે લઈ ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા–૨૦૨૩ની કલમ ૨૨૩ અન્વયે જરૂરી નોટીસ આ કામ ના સામાવાળા/તહોમતદારને કરવાનો હુકમ થતાં આરોપી સામે કાઢવામાં આવેલ નોટીસ બજી જતાં સામાવાળા/તહોમતદાર તેમના વકીલશ્રી સાથે/મારફતે કોર્ટ રૂબરૂ આ કામે હાજર થયેલ છે.

(૨) સામાવાળા/આરોપી કોર્ટ સમક્ષ હાજર થઈ તે ઉપરાંત હાલની ફરીયાદ સામે કોઈ વાંધા/જવાબ રજુ રાખેલ નથી.પરંતુ આંક–૨ થી પુરસીસ રજુ રાખી જણાવે છે કે, તેઓ  હાલની ઈન્કવાયરી સામે કોઈ વાંધા રજુ કરવા માંગતા નથી. જેથી હાલની ઈન્કવાયરી કેસને ફોજદારી નંબર આપવામાં આવે તો વાંધો નથી.

(૩) ત્યારબાદ આ કામે ઉપરોકત સંજોગોમાં આ કામે જાહેર સેવકના દરજ્જે ફરીયાદીએ રજુ રાખેલ ફરીયાદ તેમજ ફરીયાદ સાથે સામેલ દસ્તાવેજી આધારો ધ્યાને લેતાં પ્રથમ દર્શનીય રીતે ફરીયાદમાં તથ્ય હોવાનુ જણાય આવે છે. જેથી ઉપરોકત કારણોસર ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

### –:: હુ ક મ ::–

(૧) હાલની ફરીયાદને ફોજદારી કેસ રજીસ્ટરે નોંધવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) સદર ફરીયાદ ફોજદારી રજીસ્ટરે લીધા બાદ આ કામના આરોપી/સામાવાળા વિરુધ્ધ ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા–૨૦૨૩ ની કલમ ૨૨૭ અન્વયે ફરીયાદમાં દર્શાવેલ ગુના સબબ જરૂરી સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) ઉપરોકત હુકમ મુજબ હાલની ઈન્કવાયરી ફેસલ કરવામાં આવે છે.

આજરોજ તા.૦૯/૦૭/૨૦૨૬ નારોજ ખુલ્લી અદાલતમાં હુકમ જાહેર કરવામાં આવેલ છે.

સ્થળ : ભાવનગર
તારીખ : ૦૯/૦૭/૨૦૨૬

(ડી.બી.તિવારી)
એડી.ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ,
શ્રમ અદાલત નં.–૧, ભાવનગર
(જીજે–૦૧૧૦૯)

A.M.KATUDIYA
[GUJARATI STENO.]